ગુરૂ ગોવિંદમાં મને પ્રેમ હજો, સદા નીતિ ધર્મનો જ સાથ હજો, સદા સર્વનું ક્ષેમકુશળ હજો...

# રાજ્યમાં વધુ ૫૨૦ નવા કેસ : અમદાવાદમાં ૩૩૦ : ગાંધીનગરમાં ૨૨

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ
દો ગજની દૂરીનો અમલ કરીએ..
સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૯૯ ૧૮ જુન, ૨૦૨૦, ગુરૂવાર; જેઠ વદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ચીને કાવતરા સાથે હુમલો કર્યો હતો : જયશંકર



**જયશંકર-વાંગ યીએ ફોન પર વાત કરી શાંતિ પર ભાર મૂક્યો હતો : ચીન યથાવત પરિસ્થિતિમાં ફેરફાર નહીં કરવા માટે અમારી વચ્ચેના તમામ સર્વસંમતિનો ભંગ કરીને જમીનની વાસ્તવિકતાને બદલવાનો ઈરાદો ધરાવે છે**

નવી દિલ્હી, તા. ૧૭

ચીનની વિદેશ નીતિમાં છેતરપિંડી અને કપટ કેટલું મહત્વનું છે, તે ફરી એક વાર દેખાઈ રહ્યું છે. ગાલવાન ખીણમાં ભારતીય સૈનિકો પરના કપટપૂર્ણ હુમલા બાદ હવે ચીનના વિદેશ પ્રધાન વાંગ યી સંવાદ દ્વારા આગળ વધવાનો માર્ગ આપી રહ્યા છે. જો કે, ભારતીય વિદેશ પ્રધાન એસ. જયશંકરે સ્પષ્ટ કર્યું કે ભારત સ્થાનિક સ્તરે આને અચાનક પરિસ્થિતિ માનતું નથી, પરંતુ ચીનનું સુનિશ્ચિત ષડયંત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, વિવાદના સમાધાનની રીત પર, ચીની સૈનિકો ગાલવાન ખીણમાં અમારી ભાગની એલએસી પર એક માળખું બનાવવા ઈચ્છતા હતા. આ વિવાદનું મૂળ કારણ બન્યું અને ચીને વિચારપૂર્વક વિચાર્યું અને આયોજિત રીતે કાર્ય કર્યું જેનાથી હિંસા થઈ અને બંને પક્ષે સૈનિકો

● અનુસંધાન પાન-૫ પર

## જવાનોનું બલિદાન વ્યર્થ નહીં જાય : મોદી

**ભારત પોતાના ક્ષેત્રના એક-એક ઇંચનું રક્ષણ કરશે,દેશની સુરક્ષા કરવામાં અમને કોઇ રોકી નહીં શકે,આપણા જવાનો પર ગર્વ તેઓ મારતા-મારતા શહિદ થયા**

ન્યુ દિલ્હી,તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લદ્દાખમાં ચીન સાથેના વિવાદ પર પહેલી વાર નિવેદન આપ્યુ છે પીએમ મોદીએ કહ્યુ છે કે જે જવાનો શહીદ થઈ ગયા છે તેમની શહાદત વ્યર્થ જશે નહીં. આ સાથે જ તેમણે કહ્યુ કે આપણે આપણા જવાનો પર ગર્વ કરવો જોઈએ, તેઓ મારતા-મારતા મર્યા છે.

બુધવારે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કોરોના વાઈરસ પર ચર્ચા કરતા પહેલા પીએમ મોદીએ ચીન સરહદ પર



શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી. પીએમ મોદીએ કહ્યુ કે હુ દેશને વિશ્વાસ અપાવુ છુ કે જવાનોના બલિદાન વ્યર્થ જશે નહીં. તેમણે એ પણ કહ્યુ કે સૈનિક મારતા-મારતા મર્યા છે. આ સાથે જ શહીદ જવાનો માટે બે મિનિટનુ મૌન પણ રાખવામાં આવ્યુ. અને જણાવ્યું હતું કે, ભારત દેશની અખંડિતતા જાળવવા સંપૂર્ણ સક્ષમ છે.

## વડાપ્રધાને આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી

ન્યુ દિલ્હી,તા.૧૭

ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા ઘર્ષણમાં ૨૦ સૈનિકો શહીદ થયા છે. બંને દેશો વચ્ચે ઊભી થયેલી સ્ફોટક સ્થિતિ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૯ જૂને સર્વપક્ષીય બેઠક બોલાવી છે. ભારત-ચીન સરહદની સ્થિતિ અંગે ચર્ચા કરવા માટે આ બેઠક બોલાવવામાં આવી છે.

૧૯ જૂને સાંજે ૫ વાગ્યે આયોજિત થનારી આ વર્ચ્યૂઅલ બેઠકમાં અનેક પાર્ટીઓના પ્રમુખો સામેલ થઈ શકે છે.






## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જ્યોતિન્દ્રભાઈ વ્યાસ**
સ્વ. તા. ૧૮/૬/૨૦૧૯

જીંદગીની સફરને તેજ રફતારે પુરી કરી ચાલ્યા ગયા.
નથી હયાત છતાં પણ સાથે જ છો,
હરક્ષણે તમારા હોવાનો આભાસ છે,
તમારી વાતોના ભણકારા હજુ પડઘાયા કરે છે,
યાદોમાં તમારો ચહેરો હજુ ઘુમરાયા કરે છે.
સૃષ્ટિનિયંતા પરમ કૃપાળુ પરમાત્મા
આપના ઉર્ધ્વગામી આત્માને
શાશ્વત ચીરદાયી શાંતિ અર્પે એજ પ્રાર્થના.

નરેશ ઠાકર ● રામ ઠાકર
બેસ્ટ બોય ફાઈનાન્સિયલ સોલ્યુશન
સેક્ટર-૧૧, ગાંધીનગર
રાહુલ ● હર્ષા

## સ્મરણાંજલિ



**મેજર વિનોદ જોષી**

न जायते म्रियते वा कदाचि- न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥
२-२० भागवत गीता

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી. ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે.
તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીર હણવાથી તે હણાતો નથી.
૨-૨૦ ભાગવત ગીતા

**આજે**

**આપની નવમી પુણ્યતિથિએ...**
આપના પુણ્ય આત્માને શત્ શત્ પ્રમાણ

પ્રજ્ઞાબેન વિનોદચંદ્ર જોષી

પ્રિતેશ વિનોદચંદ્ર જોષી — નિકિતા પ્રિતેશ જોષી
વિરલ વિનોદચંદ્ર જોષી — હેમા વિરલ જોષી
ઈશાની નિશીત વ્યાસ — નિશીત જદુરાય વ્યાસ

તથા સમગ્ર પરિવાર

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની અંજલિ



**સ્વ. જ્યોતિન્દ્ર વ્યાસ**
જન્મ તારીખ : ૩/૧૨/૧૯૫૧ ● સ્વર્ગવાસ તારીખ : ૧૮/૬/૨૦૧૯

વટવૃક્ષ સમાન વિશાળ પરિવારને સંપ, સહકાર અને સત્યતાનો માર્ગ બતાવનાર, જીવનની સુમધુર સુવાસ ફેલાવનાર એવા પરોપકારી સ્વભાવના આત્માને અમો કદી નહી ભૂલીએ....

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

મયૂરી જ્યોતિન્દ્ર વ્યાસ
કુણાલ જ્યોતિન્દ્ર વ્યાસ — પૂર્વી કુણાલ વ્યાસ
શર્વી ● ધારક
**સમગ્ર વ્યાસ પરિવાર**

**પૂજા પાર્લર પરિવાર, સેક્ટર-૨૧, ગાંધીનગર**